# મેથ્સના પ્રોફેસરથી બોલિવૂડના ડાયલોગ કિંગ કાદર ખાન

લેજન્ડ



આજે આપણે એક એવી પર્સનાલિટીની વાત કરવાના છીએ જેઓ 'ઓલરાઉન્ડર' શબ્દના સાચા હકદાર હતા. હા, આપણે વાત કરી રહ્યા છીએ ધ વન એન્ડ ઓન્લી કાદર ખાન સાહેબની. થિયેટરમાં વિલન બનીને ડરાવવાનું હોય, કોમેડિયન બનીને હસાવવાનું હોય કે પછી ઈમોશનલ સીન્સમાં પિતા બનીને રડાવવાનું હોય, કાદર ખાને દરેક રોલને જબરદસ્ત રીતે કર્યો છે.

પણ શું તમે જાણો છો? જે માણસે બોલિવૂડના ડાયલોગ્સની ગેમ આખી બદલી નાખી, તે વાસ્તવિક જીવનમાં કૉલેજના મેથેમેટિક્સ અને સિવિલ એન્જિનિયરિંગના પ્રોફેસર હતા! એક પ્રોફેસર કેવી રીતે બોલિવૂડના મેગા - સુપરસ્ટાર રાઈટર અને એક્ટર બન્યા, એ સ્ટોરી અત્યારની કોઈ વેબ સિરીઝ કરતાં પણ વધુ ક્રેઝી છે.

આ કિસ્સો એ જમાનાનો છે જ્યારે કાદર ખાન મુંબઈની કૉલેજમાં પ્રોફેસર હતા અને તેમનો પગાર માંડ 350 થી 400 રૂપિયા હતો. કૉલેજમાં એક મોટો ડ્રામા કોમ્પિટિશનનું આયોજન થયું. કાદર ખાનનો કૉલેજ થિયેટરમાં એવો ક્રેઝ હતો કે આયોજકોએ આવીને કહ્યું, જો કાદર ખાન ભાગ નહીં લે, તો ઈન્ડિયાની એકપણ કૉલેજ આ કોમ્પિટિશનમાં નહીં આવે.

આ કોમ્પિટિશનમાં બેસ્ટ રાઈટિંગ માટે 1500 રૂપિયાનું રોકડ ઈનામ હતું. એ જમાનામાં 1500 રૂપિયા એટલે બહુ મોટી રકમ કહેવાય! તેમણે ડ્રામા રજૂ કર્યો અને એવો ધમાકો થયો કે બેસ્ટ રાઈટર, બેસ્ટ એક્ટર અને બેસ્ટ ડાયરેક્ટર - બધા જ એવોર્ડ્સ કાદર ખાન જીતી ગયા અને પૂરા 1500 રૂપિયા રોકડા તેમના ખિસ્સામાં આવ્યા, પણ અસલી ટ્વિસ્ટ તો અહીં છે. જજ તરીકે આવેલા ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દિગ્ગજોએ તેમને પૂછ્યું, તમારા જેવો ટેલેન્ટેડ માણસ ફિલ્મ લાઈનમાં કેમ નથી ટ્રાય કરતો? કાદર ખાને સીધો જવાબ આપ્યો, બોસ, મારો જીવ નથી માનતો, પણ નરેન્દ્ર બેદી નામના ડાયરેક્ટર માન્યા નહીં. તેમણે ફિલ્મ 'જવાની દીવાની' (1972) માટે ડાયલોગ લખવાની ઓફર આપી. મજાની વાત એ છે કે ત્યારે કાદર ખાનને એ પણ ખબર નહોતી કે 'ડાયલોગ' વળી શું હોય! તેમને સમજાવવામાં આવ્યું કે જે તું નાટકોમાં બોલચાલની ભાષા લખે છે, એ જ ડાયલોગ છે. કાદર ખાને ડાયલોગ્સ લખ્યા અને તે ડાયરેક્ટરને એટલા ગમી ગયા કે શૂટિંગ 1 મહિનાને બદલે માત્ર 10 દિવસમાં જ શેડ્યૂલ કરી દેવામાં આવી. આ કામ માટે પણ તેમને 1500 રૂપિયા મળ્યા હતા! ફિલ્મોમાં એન્ટ્રી લીધા પછી પણ કાદર ખાન પોતાના સ્ટુડન્ટ્સને ક્યારેય ભૂલ્યા નહોતા. તેઓ સાબુ સિદ્દીક પોલિટેકનિકમાં ગણિત, ફિઝિક્સ અને કેમિસ્ટ્રી જેવા અઘરા વિષયો તદ્દન મફતમાં ભણાવતા હતા. એક રાત્રે તેઓ R.K. સ્ટુડિયોમાં શૂટિંગ કરી રહ્યા હતા ત્યારે કૉલેજના વોચમેને કહ્યું કે બહાર કેટલાક સ્ટુડન્ટ્સ આવ્યા છે.

જ્યારે કાદર ખાન બહાર આવ્યા તો જોયું કે 11મા ધોરણના લગભગ 150 સ્ટુડન્ટ્સનો આખો બેચ ત્યાં હાજર હતો! સ્ટુડન્ટ્સે વિનંતી કરી, સર, જો તમે ભણાવવા નહીં આવો તો અમે બધા ફેઈલ થઈ જઈશું. તમારા ડરથી બીજા ટીચર્સ આવીને ભણાવી જતા હતા, પણ હવે તો કોઈ આવતું જ નથી. પ્લીઝ હેલ્પ અસ સર!

રાતના 11:30 વાગ્યા હતા. કાદર ખાને પોતાના સ્ટુડન્ટ્સ માટે દિલ ખોલી નાખ્યું. તેઓ પોતાની રેટ્રો લેમ્બ્રેટા સ્કૂટર લઈને કૉલેજ પહોંચ્યા. રાત્રે બરાબર 12 વાગ્યે હોલમાં ક્લાસ શરૂ થયો. કોઈ સ્ટુડન્ટ ચા બનાવતો હતો, કોઈ સરના માથા પર બામ લગાવતો હતો અને કાદર ખાને ભણાવવાનું શરૂ કર્યું. રાત્રે 12 થી સવારે 6 વાગ્યા સુધી સતત 6 કલાક તેમણે મેગા-ક્લાસ લીધો! આ સિલસિલો સતત ત્રણ મહિના ચાલ્યો અને રિઝલ્ટ? કાદર ખાનનો આખો બેચ ફર્સ્ટ ક્લાસ માર્ક્સ સાથે પાસ થઈ ગયો!

ઈન્ડસ્ટ્રીમાં કાદર ખાનની કલમનો સિક્કો જામી રહ્યો હતો. તેવામાં તેમની મુલાકાત બોલિવૂડના કિંગ ઑફ કોમર્શિયલ સિનેમા

**કાદર ખાનનો કૉલેજ થિયેટરમાં એવો ક્રેઝ હતો કે આયોજકોએ આવીને કહ્યું, જો કાદર ખાન ભાગ નહીં લે, તો ઇન્ડિયાની એકપણ કૉલેજ આ કોમ્પિટિશનમાં નહીં આવે**

મનમોહન દેસાઈ સાથે થઈ. મનમોહન દેસાઈએ કાદર ખાનને જોતા જ મોટો ચેલેન્જ આપ્યો: તમે મિયાં ભાઈ લોકોને પ્રોપર ડાયલોગ લખતા નથી આવડતું. તમે કાં તો શાયરીઓ લખો છો કાં તો મુહાવરા બોલો છો. મને એવું નથી જોઈતું. મને એવા 'Clap-trap' ડાયલોગ્સ જોઈએ જે સાંભળીને થિયેટરમાં ઓડિયન્સ પાગલ થઈ જાય અને સીટીઓ વગાડે. જો તેં એવા ડાયલોગ લખી આપ્યા, તો હું તને ગણપતિની જેમ માથા પર બેસાડીને આખા મોહલ્લામાં ડાન્સ કરીશ!

કાદર ખાને આ ચેલેન્જ સ્વીકારી લીધો. તેમને ફિલ્મ 'રોટી' (1974) નો ક્લાઈમેક્સ લખવાનું કામ મળ્યું. તેમણે આખી રાત જાગીને જબરદસ્ત ક્લાઈમેક્સ લખ્યો. બીજે દિવસે જ્યારે તેઓ મનમોહન દેસાઈના મોહલ્લામાં પહોંચ્યા, ત્યારે દેસાઈ ઘરની બહાર બાળકો સાથે ક્રિકેટ રમતા હતા. કાદર ખાનને જોઈને તેમણે મજાકમાં કહ્યું કે આ બેવકૂફ ફરી આવી ગયો, લાગે છે એને મારી સ્ટોરી સમજાઈ નથી. કાદર ખાને તરત કહ્યું, સર, તમે મને ગાળ આપી છે. હું હોઠ વાંચી શકું છું . (આ જ લિપ-રીડિંગના આઈડિયાનો ઉપયોગ કાદર ખાને બાદમાં અમિતાભ બચ્ચનની સુપરહિટ ફિલ્મ 'નસીબ' માં કર્યો હતો, જ્યાં હિરોઈન વિલનોના હોઠ વાંચીને તેમના પ્લાન જાણી લે છે). જ્યારે કાદર ખાને મનમોહન દેસાઈને એ ક્લાઈમેક્સ સંભળાવ્યો, ત્યારે દેસાઈ સાચે જ દિવાના થઈ ગયા! તેમણે એક વાર, બે વાર, ત્રણ વાર અને ચોથી વાર ટેપ રેકોર્ડર ઓન કરીને એ ડાયલોગ સાંભળ્યા. તેઓ એટલા ખુશ થઈ ગયા કે ઘરની અંદર જઈને પોતાનું તોશિબા કંપનીનું બ્લેક એન્ડ વ્હાઈટ ટીવી અને સોનાનું મોંઘું બ્રેસલેટ કાદર ખાનને ઈનામમાં આપી દીધું!

ત્યારબાદ મનમોહન દેસાઈએ પૂછ્યું, તારી ફી શું છે? કાદર ખાને કહ્યું કે છેલ્લી ફિલ્મમાં 21000 રૂપિયા મળ્યા હતા. મનમોહન દેસાઈ મોટેથી હસ્યા અને બોલ્યા, મનમોહન દેસાઈનો રાઈટર 21000 રૂપિયામાં ન લખે. આજથી તારી ફી 1,21,000 રૂપિયા અને સાથે એક લાખ રૂપિયાનું બોનસ! કાદર ખાન રાતોરાત લખપતિ બની ગયા અને મનમોહન દેસાઈએ આખા હિન્દુસ્તાનમાં ડંકો વગાડી દીધો કે ઈન્ડસ્ટ્રીમાં એક અસલી રાઈટર આવ્યો છે, જેની પાસેથી બધાએ રાઈટિંગ શીખવું જોઈએ!

કાદર ખાને પોતાના આખા કરિયરમાં 250 થી વધુ ફિલ્મોના પાવરફુલ ડાયલોગ્સ લખ્યા અને 450 થી વધુ ફિલ્મોમાં એક્ટિંગ કરી - ટોટલ 700 ફિલ્મો! ખાસ કરીને એંગ્રી યંગ મેન અમિતાભ બચ્ચનની ઈમેજને સુપરહિટ બનાવવામાં કાદર ખાનના ડાયલોગ્સનો બહુ મોટો ફાળો હતો. કાદર ખાનના જીવનનો એક એકદમ ક્રેઝી કિસ્સો ન્યૂયોર્કનો છે. એકવાર તેઓ ન્યૂયોર્કમાં એક શો માટે ગયા હતા, જ્યાં તેમણે મિર્ઝા ગાલિબની શાયરીઓનો અર્થ સમજાવવાનો એક પ્રોગ્રામ રાખ્યો હતો. તેમણે ગાલિબનો એક અઘરો શેર ગાયો:પરતવે ખૂર સે હૈ શબનમ કો ફના કી તાલીમ, મૈં ભી હૂં એક ઈનાયત કી નઝર હોને તક...

કાદર ખાને આ શેરનો બહુ જ સરળ ભાષામાં અર્થ સમજાવ્યો કે જેમ સૂર્યનો પ્રકાશ પાંદડા પર પડેલા ઝાકળના બિંદુને ચમકાવે છે પણ સાથે જ તેને વરાળ બનાવીને ગાયબ (ફના) પણ કરી દે છે, તેમ જો તમારી એક કૃપા દૃષ્ટિ મારા પર પડી જાય તો હું પણ ફના થઈ જવા તૈયાર છું.આ ડીપ મિનિંગ સાંભળીને ત્યાં હાજર પાકિસ્તાની મહિલાઓ એટલી પ્રભાવિત થઈ ગઈ કે તેઓ બધી કંટ્રોલ ગુમાવીને સ્ટેજ તરફ દોડી! સ્ટેજ પર થોડું અંધારૂ હતું અને મહિલાઓએ ઉત્સાહમાં આવીને કાદર ખાનને એવો ધક્કો માર્યો કે કાદર ખાન સીધા 15 ફૂટની ઊંચાઈ પરથી નીચે પડ્યા! તેમની ઉપર એક પછી એક 10 મહિલાઓ પડી. આ અકસ્માતમાં કાદર ખાનનો ઘૂંટણ ખરાબ રીતે ઈન્જર્ડ થઈ ગયો અને તેમણે ઓપરેશન કરાવવું પડ્યું હતું. ●

# 'શોર': મનોજ કુમારનો એવરગ્રીન જાદુ!

એક પ્યાર કા નગ્મા હૈ.. આ લાઈન સાંભળતા જ દિલમાં કંઈક અલગ જ વાઈબ્સ આવવા લાગે, રાઈટ? આજે આપણે વાત કરવાના છીએ 1972ની એ ક્લાસિક ફિલ્મ 'શોર'ની, જેનું ગીત આજે પણ આપણી પ્લેલિસ્ટમાં સેવ્ડ છે. આ ફિલ્મ ઈમોશન્સનું એક આખું પૂર છે!

ચાલો જાણીએ આ ઓલ્ડ-ઈઝ-ગોલ્ડ માસ્ટરપીસ સાથે જોડાયેલા કેટલાક એવા કૂલ અને અનનોન ફેક્ટ્સ, જે સાંભળીને તમે પણ કહેશો - ભાઈસાબ, આવું હતું?

મનોજ કુમાર 1970માં પોતાની સુપરહિટ ફિલ્મ 'પૂરબ ઔર પશ્ચિમ' પછી દિલ્હીમાં પોતાના ફાર્મહાઉસ પર ફ્રેન્ડ્સ સાથે ચિલ કરી રહ્યા હતા. ત્યાં એકદમ શાંતિ હતી, એટલે એક દોસ્તે કીધું, યાર, અહિયાં બિલકુલ શોર નથી! બસ, આ જ લાઈન મનોજ કુમારના મગજમાં ક્લિક થઈ ગઈ અને ત્યાંથી જ જન્મી આ આખી ફિલ્મની સ્ટોરી! ટ્વિસ્ટ એ છે કે આ ફિલ્મમાં મનોજ કુમારે પોતાનું સિગ્નેચર નામ 'ભારત' ન રાખતા 'શંકર' રાખ્યું, કારણ કે તેઓ કોઈ દેશની સમસ્યા પર વાત નહોતા કરી રહ્યા અને આ નામને મિસયુઝ કરવા નહોતા માંગતા.

મુવિયાના

તમને લાગતું હશે કે બધી મહેનત ક્રૂ કરે છે? ના ભાઈ ના! 'શોર' ફિલ્મમાં આપણા 'ભારત કુમાર' એટલે કે મનોજ કુમારે એકલા હાથે આખી ગેમ ચેન્જ કરી નાખી હતી. તેમણે આ ફિલ્મનું ડિરેક્શન કર્યું, પ્રોડક્શન સંભાળ્યું, સ્ટોરી લખી, એક્ટિંગ કરી અને ભાઈ... ફિલ્મનું એડિટિંગ પણ પોતે જ કર્યું! આને કહેવાય અસલી મલ્ટિ-ટેલેન્ટેડ કિંગ!

આ મૂવીમાં રાતની રાણીના રોલ માટે મનોજ કુમારે સ્પેશિયલી જયા ભાદુરી (હવે બચ્ચન) ને કાસ્ટ કર્યા હતા. પણ શૂટિંગ પછી બંને વચ્ચે થોડો 'ડ્રામા' થઈ ગયો! જયાજીએ એક ઈન્ટરવ્યુમાં મનોજ કુમારને 'અહંકારી' પણ કહી દીધા હતા, કારણ કે મનોજ કુમારે ફિલ્મના એડિટિંગ ટ્રાયલ શોમાં જયાજીને નહોતા બોલાવ્યા. જોકે, મનોજ કુમારે ક્લેરિફિકેશન આપ્યું કે એ તો માત્ર એડિટિંગ માટેના ટ્રાયલ્સ હતા! પણ આ લડાઈ પછી બંનેએ ક્યારેય સાથે કામ ન કર્યું.

એ સમયે અમિતાભ બચ્ચન સ્ટ્રગલિંગ ફેઝમાં હતા અને જયાજીના ક્લોઝ ફ્રેન્ડ હોવાને કારણે અવારનવાર 'શોર'ના સેટ પર આંટા મારતા. મનોજ કુમારને અમિતાભનો વાઈબ ગમી ગયો અને બંને વચ્ચે પાકી દોસ્તી થઈ ગઈ. આ જ કનેક્શનના કારણે મનોજ કુમારે પોતાની નેક્સ્ટ બ્લોકબસ્ટર 'રોટી કપડા ઔર મકાન' માટે અમિતાભને સાઈન કરી લીધા.

ફિલ્મમાં જે 'ખાન બાદશાહ'નો કૂલ રોલ છે, તે પહેલાં શત્રુઘ્ન સિંહા અને પછી પ્રાણ સાહેબને ઓફર થયો હતો. પણ પ્રાણ સાહેબ ઓલરેડી 'ઝંજીર' ફિલ્મમાં પઠાણનો રોલ કરી રહ્યા હતા, એટલે સેમ કેરેક્ટર રિપીટ ન થાય માટે તેમણે ના પાડી દીધી. પછી એન્ટ્રી થઈ પ્રેમ નાથની અને તેમણે આ રોલમાં એવો જીવ પૂર્યો કે લોકો આજે પણ યાદ

**રાજેશ ખન્નાની ફિલ્મને નુકસાન પહોંચાડવા માટે બ્લેકમાં માત્ર 25 પૈસામાં ટિકિટો વેચાવી દીધી હતી!**

કરે છે!

મનોજ કુમાર પોતાની ફિલ્મોમાં કલ્યાણજી-આનંદજીનું મ્યુઝિક રાખતા, પણ આ ફિલ્મમાં તેમણે લક્ષ્મીકાંત-પ્યારેલાલને ચાન્સ આપ્યો. કેમ? કારણ કે બે હિટ ફિલ્મો આપ્યા પછી કલ્યાણજી-આનંદજીએ ફી વધારી દીધી હતી અને 'શોર' નાના બજેટની ફિલ્મ હોવાથી મનોજજી વધારે ખર્ચ કરવા નહોતા માંગતા. પરિણામ? ફિલ્મનું મ્યુઝિક નેક્સ્ટ લેવલ હિટ સાબિત થયું! 'એક પ્યાર કા નગ્મા હૈ' જેવું એવરગ્રીન ગીત આ જ ફિલ્મની દેન છે.

15 સપ્ટેમ્બર 1972ના રોજ 'શોર' અને સુપરસ્ટાર રાજેશ ખન્નાની ફિલ્મ 'મેરે જીવન સાથી' એકસાથે રિલીઝ થવાની હતી. પરંતુ થિયેટરના વિવાદને કારણે 'મેરે જીવન સાથી' એક અઠવાડિયું પોસ્ટપોન થઈ હતી.

મેકર્સનો એવો પણ આરોપ હતો કે મનોજ કુમારે રાજેશ ખન્નાની ફિલ્મને નુકસાન પહોંચાડવા માટે બ્લેકમાં માત્ર 25 પૈસામાં ટિકિટો વેચાવી દીધી હતી! જો કે બોક્સ ઓફિસ પર બંને ફિલ્મો એવરેજ રહી, પણ 'શોર' પોતાની શાનદાર સ્ટોરીને કારણે આજે પણ ક્લાસિક ગણાય છે જ્યારે 'મેરે જીવન સાથી' માત્ર ગીતો પૂરતી સીમિત રહી ગઈ.

આ ફિલ્મની સ્ટોરી એકદમ નેક્સ્ટ લેવલ હતી. એક પિતા (મનોજ કુમાર) પોતાના મૂંગા/બહેરા દીકરાનો અવાજ સાંભળવા માટે દિવસ-રાત એક કરીને પૈસા ભેગા કરે છે. ઓપરેશન સક્સેસફુલ થાય છે, દીકરો બોલતો થાય છે... પણ ક્લાઈમેક્સમાં એક અકસ્માતને કારણે પિતા પોતે જ સાંભળવાની શક્તિ ગુમાવી બેસે છે! સાચે જ, આ સીન જોઈને ટીશ્યુ પેપર ટૂંકા પડે!

'શોર' એ આજના ફાસ્ટ-ફોરવર્ડ જમાનામાં પણ એક એવી ફિલ્મ છે જે આપણને ઈમોશન્સ અને લાઈફની સાચી વેલ્યૂ શીખવાડે છે. જો તમે ક્લાસિક સિનેમાના ફેન હોવ, તો આ મૂવી મસ્ટ વોચ છે! ●





# 'જવાન': ખાતરનાક સ્ટન્ટ્સ સાથે પર્ફેક્ટ ડાયરેક્શન

'પઠાણ' બાદ જ્યારે શાહરૂખ ખાન 'જવાન' લઈને થિયેટરોમાં એન્ટ્રી મારી, ત્યારે માત્ર ફિલ્મ રિલીઝ થઈ નહોતી... જાણે એક સેલિબ્રેશન શરૂ થઈ ગયું હતું. દરેક શો હાઉસફુલ, સોશિયલ મીડિયા પર SRKના ટકલા લૂકની ધૂમ અને બોક્સ ઓફિસ પર રોજ નવા રેકોર્ડ! એટલીએ પોતાના સિગ્નેચર માસ-મસાલા ટચને શાહરૂખના સ્ટારડમ સાથે એવી રીતે મિક્સ કર્યો કે 'જવાન' 2023ની સૌથી મોટી બ્લોકબસ્ટરમાં સામેલ થઈ ગઈ. પરંતુ સ્ક્રીન પર દેખાતી આ ધમાકેદાર ફિલ્મ પાછળ એક્ટરો અને ક્રૂની જબરદસ્ત મહેનત છુપાયેલી હતી.

શાહરૂખના અલગ-અલગ લૂક આખી ફિલ્મના સૌથી મોટા હાઈલાઈટ હતા. ટકલો લૂક, આઝાદ, વિક્રમ રાઠોડ અને બીજા દરેક અવતાર માટે અલગ મેકઅપ અને કોસ્ચ્યુમ તૈયાર કરવામાં આવતા. ખાસ કરીને ટકલો લૂક તૈયાર કરવામાં ત્રણથી ચાર કલાક લાગતા. બાલ્ડ કેપ અને પ્રોસ્થેટિક્સ સાથે ગરમ લાઈટ્સ નીચે કલાકો સુધી શૂટિંગ કરવું સહેલું નહોતું. ઘણી વખત પરસેવો એટલો થઈ જતો કે મેકઅપ ટીમને સીનની વચ્ચે પણ ટચ-અપ માટે દોડી આવવું પડતું. એક જ દિવસે બે-ત્રણ લૂક બદલવાના હોવાથી મેકઅપ ટીમ માટે દરેક દિવસ જાણે મેરેથોન બની જતો.

પરદે કે પીછે

ફિલ્મનો મેટ્રો એક્શન સિક્વન્સ જોઈને ઘણા લોકોને લાગ્યું કે આ બધું VFXનું કમાલ હશે. પરંતુ રિયાલિટી એકદમ અલગ હતી. આખો મેટ્રો કોચ ખાસ બનાવીને તેમાં એક્શન ફિલ્માવવામાં આવ્યું હતું. સાંકડી જગ્યામાં કેમેરા, સ્ટન્ટ ટીમ અને એક્ટરોને ગોઠવવા માટે કલાકો સુધી રિહર્સલ થતી. દરેક પંચ, દરેક જમ્પ અને દરેક કેમેરા મૂવમેન્ટ પર મિલિમીટર લેવલની પ્લાનિંગ કરવામાં આવી હતી.

જેલના સેટ પણ એટલા રિયલિસ્ટિક હતા કે પહેલીવાર આવેલા કેટલાક લોકો તેને સાચી જેલ માની બેઠા હતા. ડિરેક્ટર એટલીની સ્ટાઈલ જ એવી છે કે તેઓ 'ઓકે' શબ્દ ખૂબ મોડો બોલે છે. કેમેરાનો

**ફિલ્મનું સૌથી મોટું સિક્રેટ હતું SRKનો ટકલો લૂક રિલીઝ પહેલાં લીક ન થાય તે માટે સેટ પર મોબાઇલ ફોનના ઉપયોગ પર કડક નિયંત્રણ રાખવામાં આવ્યું હતું**

એંગલ હોય કે એક્ટરનો એક્સપ્રેશન, નાની ભૂલ પણ તેમની નજરમાંથી છટકી શકતી નહોતી. તેથી ઘણી વખત સીન પરફેક્ટ ન બને ત્યાં સુધી ફરી-ફરીને ટેક લેવામાં આવતો.

'ઝિંદા બંદા' ગીત તો ફિલ્મનો અલગ જ લેવલ હતો.

હજારો ડાન્સર્સ સાથે ફિલ્માવવામાં આવેલા આ ગીત માટે અઠવાડિયાઓ સુધી રિહર્સલ કરવામાં આવી હતી. એક સ્ટેપ પણ મિસ થાય એટલે આખો ટેક ફરીથી! પરંતુ શાહરૂખ સેટ પર હંમેશાં એનર્જી જાળવી રાખતા. બ્રેક દરમિયાન તેઓ ડાન્સર્સ સાથે સેલ્ફી લેતા, ટેક્નિશિયન સાથે વાતો કરતા અને પોતાના હ્યુમરથી આખા સેટને રિલેક્સ કરી દેતા.

એક્શન સીનમાં પણ શાહરૂખે શક્ય હોય ત્યાં સુધી સ્ટન્ટ ડબલનો ઓછો ઉપયોગ કર્યો હતો. વાયર સ્ટન્ટ અને ફાઈટ દરમિયાન તેમને નાની-મોટી ઈજાઓ થઈ, છતાં દરેક શોટ પછી તેઓ મોનિટર પાસે જઈને સીન ચેક કરતા અને જરૂર પડે તો ફરી ટેક આપવા તૈયાર થઈ જતા. તેમની આ ડેડિકેશન આખી ટીમ માટે મોટિવેશન બની ગઈ હતી.

ફિલ્મનું સૌથી મોટું સિક્રેટ હતું SRKનો ટકલો લૂક. આ લૂક રિલીઝ પહેલાં લીક ન થાય તે માટે સેટ પર મોબાઈલ ફોનના ઉપયોગ પર કડક નિયંત્રણ રાખવામાં આવ્યું હતું.

મહત્વના સીન દરમિયાન માત્ર જરૂરી ક્રૂ મેમ્બર્સને જ હાજર રહેવાની મંજૂરી મળતી. પરિણામે જ્યારે ફિલ્મ રિલીઝ થઈ ત્યારે આ લૂક ઓડિયન્સ માટે સાચા અર્થમાં 'માઈન્ડ બ્લોઈંગ સરપ્રાઈઝ' સાબિત થયો.

'જવાન' માત્ર શાહરૂખ ખાનની સ્ટાર પાવરથી સફળ થઈ નહોતી. કલાકો સુધી ચાલતો મેકઅપ, વિશાળ સેટ, હાઈ-ઓક્ટેન એક્શન, હજારો ડાન્સર્સ, એટલીનું પરફેક્શન અને આખી ટીમની હાર્ડકોર મહેનતે મળીને એવી ફિલ્મ બનાવી, જે આજે પણ ફેન્સને એ જ એનર્જી સાથે એક્સાઈટ કરે છે.

કદાચ એટલે જ 'જવાન' માત્ર બ્લોકબસ્ટર નથી... તે પડદા પાછળના પેશન, ડેડિકેશન અને સિનેમેટિક સ્વેગની પણ સુપરહિટ સ્ટોરી છે. ●